SDF-B-GJT

ગુજરાતી / GUJARATI

પેપર II / Paper II

(સાહિત્ય) / (LITERATURE)

સમય મર્યાદા : ત્રણ કલાક *Time Allowed : **Three** Hours*	મહત્તમ ગુણ : **250** *Maximum Marks : **250***

પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક 1 અને 5 ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી એક પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

Question Paper Specific Instructions

Please read each of the following instructions carefully before attempting questions :

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

The number of marks carried by a question / part is indicated against it.

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

Word limit in questions, wherever specified, should be adhered to.

Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.

Optional Province · optionalprovince.com

SECTION A

Q1. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) : *10×5=50*

(a) અભિનવો આનંદ આજ,
અગોચર ગોચર હવું એ ;
જે પરપંચ પાર મહારાજ,
તે પૂરણ બ્રહ્મ હું સ્તવું એ. *10*

(b) દોહ્યલાં હર્યાં ને સોહ્યલાં કર્યાં, ભાવ માટે ભૂધરે;
એક મૂઠી તાંદુલે જે વિભૂતિ, તે લક્ષ યસે નવ જડે. *10*

(c) જેવાં સકલ ગુર્જર પ્રજાનાં આપ માતા છો
તેવાં મારાં પણ માતા છો. *10*

(d) નહીં હૃદયની ભણી હૃદય એક હાવાં વળે;
નહીં નયનને ફરી નયન તે પ્રિયાનાં મળે. *10*

(e) એક મહિનો તમે શું કહો એક પલક ન જાયે
દેહમાં જીવ રહે નહિ બીજોગ તહમારો થાયે. *10*

Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક દૃષ્ટિએ ચર્ચા કરો :

(a) 'અખેગીતા' માં અદ્વૈતાનુભૂતિનું આલેખન *20*

(b) 'સુદામાચરિત' માં સખ્યભક્તિનો મહિમા કઈ રીતે થયો છે તે સમજાવો *15*

(c) 'સરસ્વતીચંદ્ર ભાગ-૧' માં રાજનીતિ અને પ્રણયકથાનું સંયોજન *15*

Q3. સદૃષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો :

(a) 'રાઈનો પર્વત' માં હાસ્યરસનું નિરૂપણ *20*

(b) 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા' માં શૃંગારનિરૂપણ *15*

(c) 'વસંત-વિજય' ખંડકાવ્યમાં પ્રકૃતિ એક પાત્ર તરીકે *15*

Optional Province · optionalprovince.com

Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો :

(a) 'ફાર્બસવિરહ' માં મિત્રવિયોગની વેદનાનું આલેખન *20*

(b) 'વસંતવિલાસ' નો પ્રધાન રસ કયો છે તે દૃષ્ટાંત આપી સમજાવો *15*

(c) 'મારી હકીકત' માં તત્કાલીન સામાજિક-સાંસ્કૃતિક-સાહિત્યિક પરિસ્થિતિનું દર્શન *15*

Optional Province · optionalprovince.com

SECTION B

Q5. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) : *10×5=50*

(a) શબ્દો જો બોલી શકતા હોત તો કવિને
જરૂર કહેત કે કવિતા બનવાનું અમારું તે શું ગજું ? *10*

(b) 'રાક્ષસી ! ચાંડાલિની ! લે મારો જીવ, પણ મારો છોકરો બચાવ. મારુ કુળ સંહારવા બેઠી છે.' *10*

(c) સરલ મનનાં ચાંચલ્યોનાં હવે નહિ ક્રીડન :
અવ હૃદયના શૂન્યે લાધ્યું પ્રશાન્ત નિમજ્જન. *10*

(d) 'બાપ ! તમે મારાં સોનાનાં ઝાડવાં છો.
માફ કરો અને પાછા વળો.' *10*

(e) 'સ્વદેશાભિમાન એટલે હું દેશનું હિત સમજું છું.' *10*

Q6. સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો :

(a) 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧' માં પ્રેમ-શૌર્યનું આલેખન *20*

(b) 'પારણની પ્રભુતા' માં આલેખાયેલું તથ્યો અને કલ્પનાનું વિશિષ્ટ સંયોજન *15*

(c) 'હિંદ સ્વરાજ' માં સત્યાગ્રહ-આત્મબળ અને સ્વરાજવિષયક ગાંધીજીના મૌલિક વિચારો *15*

Q7. નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો :

(a) 'કાવ્યની શક્તિ' માં વ્યક્ત થયેલી રામનારાયણ પાઠકની કાવ્યવિભાવના *20*

(b) 'જનાન્તિકે' માંથી પ્રકટ થતી સર્જકવ્યક્તિત્વની વિવિધ મુદ્રાઓ *15*

(c) 'ધ્વનિ' નાં કાવ્યોમાં સંવેદના અને અધ્યાત્મનું અદ્‌ભુત સંયોજન *15*

Q8. સમીક્ષાત્મક નોંધ લખો :

(a) 'માનવીની ભવાઈ' માં ધબકતું જનપદ *20*

(b) 'સમપદી' માં એકકેન્દ્ર વ્યક્તિત્વ અને સર્જનાત્મક અભિવ્યક્તિ માટેની શોધ *15*

(c) ચિતાંશુ યશશ્ચંદ્રના નાટક "અશ્વત્થામા" ની વિશેષતા-મર્યાદા ચર્ચો *15*

Optional Province · optionalprovince.com